બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯)

**(વિભાગ - ૧ : ઘનશ્યામ ચરિત્ર, ત્રેવીસમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ ઘનશ્યામ - બાવાજીને (બાવાજી મોહનદાસ - હનુમાનગઢી મંદિરના મહંત) (૩૧/૫૬)
➩ એકાદશી માટે બાવાએ લોકોને શાસ્ત્ર વિરુધ્ધ ખોટો ઉપદેશ આપ્યો ત્યારે તેને સાચી શિખામણ આપતાં કહે છે.

૨. ➩ બાવાઓ - ઘનશ્યામને (૨૯/૫૩)
➩ અભિમાની બાવાને સીધો કરવા વાઘના ચામડામાંથી સાચો વાઘ ઘનશ્યામે બનાવ્યો ત્યારે માફી માગતા બાવાઓ કહે છે.

૩. ➩ ભૂત - ઘનશ્યામને (૨૦/૩૧)
➩ ભક્તિમાતા પાણી ભરવા ગયા ત્યારે ભૂતોએ ઘડો પકડી લીધો. ભક્તિમાતા ડરથી દોરડું અને ઘડો લીધા વિના જ પાછા આવ્યા હતા. ભક્તિમાતાનું દોરડું અને ઘડો કૂવામાં લેવા પડેલા ઘનશ્યામને બધા ભૂતોમાંથી એક ભૂતે કહ્યું.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઈન્દ્રદેવે આકાશવાણી કરી દેવોના વૈદ્ય અશ્વિનીકુમારને બોલાવ્યા. (૨૩/૩૯)
૨. હનુમાનજી કૃત્યાઓ પાસેથી ઘનશ્યામને છોડાવી લાવ્યા. (૨/૩)
૩. ઘનશ્યામે બાજોઠ ઉપર મૂકેલી ત્રણ વસ્તુમાંથી પુસ્તક ઉપાડી લીધું. (૫/૮)
૪. ગૃહત્યાગ વખતે ઘનશ્યામે મૃગચર્મ, મુંજની મેખલા, માળા, પલાશનો દંડ, શાસ્ત્રોના સારરૂપી ગુટકો, કમંડળ, ભિક્ષાપાત્ર, પાણી ગાળવાનું વસ્ત્ર, શાલિગ્રામ, બાળમુકુંદનો બટવો સાથે લીધા હતા. (૪૫/૮૧)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **મુમુક્ષુ કઈ દિશામાં છે ? છપૈયા** ગામની બહાર **પીપળા**ના ઝાડ પર ચડી **ઘનશ્યામ પશ્ચિમ** દિશામાં રહેલા **મુમુક્ષુઓ**ને જોતા હતા. (૧૮/૨૮)

૨. **બાળમિત્રોને જમાડ્યા : મીન** સરોવરને કાંઠે **ઘનશ્યામે બાળમિત્રોને** કહ્યું : '**સાંજે સૂરજ આથમે** ત્યાં સુધી મારી સાથે **રમવા** કબૂલ થાઓ, તો હું બધાને **જમાડીશ.**' (૨૮/૪૮)

૩. **ચોર ચોંટી ગયા : ફણસ** તોડવા ગયેલા **બન્ને (બે) ચોરો**ના હાથ **ફણસ** સાથે ચોંટી ગયા. (૩૯/૬૯)

૪. **રામચંદ્રરૂપે દર્શન : મીન સરોવર**ને કાંઠે **માતા-પિતા**ને ચિંતાતુર થયેલાં જાણી **ઘનશ્યામ** પાણી **ઉપર અધ્ધર ચાલીને** કાંઠે આવ્યા. (૩૩/૬૧)

**પ્ર.૪** ''કાશીમાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન'' (૪૩/૭૬) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. ચંદ્રગ્રહણે ગંગા સ્નાન માટે કાશીના ગોમઠમાં ધર્મપિતા અને સંબંધીઓ સાથે ઘનશ્યામ ગયા હતા.
૨. ધર્મદેવની મધ્યસ્થીએ એક ધર્મસભા ને ચર્ચા યોજવાનું આયોજન કર્યું.
૩. અદ્વૈતવાદી અને દ્વૈતવાદી પંડિતો વચ્ચે વિવાદનો અંત લાવવા ઘનશ્યામને વિનંતી.
૪. ઘનશ્યામે વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કરતાં કરતાં સર્વને સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવ સ્વરૂપે દર્શન આપ્યા.
૫. સમાધિ અવસ્થામાં જ સૌએ ઘનશ્યામનું પૂજન કરતાં ઘનશ્યામનો દિગ્વિજય થયો.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૩૦ **૧.** ૧, ૩ (૭/૧૦) **૨.** ૧ (૪૭/૮૩) **૩.** ૩, ૪ (૨૫/૪૩) **૪.** ૨, ૩ (૨૪/૪૧)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઘનશ્યામને જોઈને વાઘ શાંત થઈ ગયો. (૩૭/૬૬)

જ. કારણ કે ઘનશ્યામ દોડતા વાઘ પાસે જઈને ઊભા રહ્યા અને તેની સામે દૃષ્ટિ કરવાથી વાઘ શાંત થઈ ગયો.

૨. બંને માસીઓએ ઘનશ્યામની માફી માગી. (૩૫/૬૪)

જ. ઘનશ્યામના ચમત્કારની ખબર પડતાં માસીઓએ ઘનશ્યામને ભગવાન તરીકે સ્વીકારી માફી માગી.

૩. માછીમાર 'બચાવો, છોડાવો'ની બૂમો પાડવા લાગ્યો. (૧૩/૨૧)

જ. ઘનશ્યામ પર ગુસ્સે થઈ મારવા દોડેલા માછીમારને યમરાજાએ યમપુરી અને નરકનાં દુઃખો દેખાડ્યાં, યમદૂતો આગળ માર ખવડાવ્યો. તેથી માછીમાર 'છોડાવો, બચાવો'ની બૂમો પાડવા લાગ્યો.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સોળમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ યોગીજી મહારાજ - હરિભક્તને (૨૩/૩૪)

➪ સારણગાંઠના ઑપરેશન પછી ક્લૉરોફૉર્મની અસર ઉતરતાં સામે શાસ્ત્રીજી મહારાજને બેઠેલા જોયા ત્યારે.

૨. ➪ ઝીણા ભગત - ગરાસિયા ભક્તને (૧૧/૧૫)

➪ ઝીણા ભગતના પગમાં ઊર્ધ્વરેખા જોઈ ગરાસિયા ભક્તે કહ્યું ''શ્રીજીમહારાજ તમારાથી એક ક્ષણ પણ જુદા નહિ થાય. ઊર્ધ્વરેખાવાળા સત્પુરુષ તો કોઈક જ હોય અને તેવા સત્પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય ત્યારે.

૩. ➪ જાગા ભક્ત - ઝીણા ભગતને (૯/૧૩)

➪ સ્વપ્નમાં ઝીણાભગતને જાગા ભક્તનાં દર્શન થયાં ત્યારે ઝીણાભગતે કહ્યું કંઈ ઉપદેશ આપો તો સારું ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ગઢપુરમાં સં. ૨૦૧૭માં યોગીજી મહારાજે એકાવન નવયુવાનોને ભાગવતી દીક્ષા આપી. (૨૭/૩૯)

૨. પચ્ચીસ હજાર રૂપિયા મળતા હોય તો પણ તે જતા કરીને સત્સંગ મંડળની સભામાં જવું. (૨૫/૩૬)

૩. યોગીજી મહારાજનો જન્મ ધારીમાં સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારશને દિવસે થયો હતો. (૧/૧)

૪. ઝીણા ભગતને દીક્ષા આપી જ્ઞાનજીવનદાસજી નામ પાડવામાં આવ્યું. (૧૩/૧૯)

**પ્ર.૯ નીચે આપેલ વિષયના સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઉપદેશક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : યોગીજી મહારાજનો ઉપદેશ (૩૨/૪૮)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૯ | ૧૦ |
| **યથાર્થ ઉપદેશક્રમ** | ૬ | ૧૦ | ૪ | ૮ | ૯ | ૨ |

☞ **તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઉપદેશક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૦** ''આદર્શ વિદ્યાર્થી'' (૪/૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ઝીણાભાઈ ભણવામાં બહુ હોંશિયાર દરેક ધોરણમાં પહેલો જ નંબર આવે, ઈનામ પણ બહુ મળે. વર્ગમાં સૌથી હોંશિયાર ઝીણાભાઈ. શિક્ષક દાખલા ગણાવે, ત્યારે ઝીણાભાઈ તો ઘડીકમાં દાખલો ગણી લે. ગણીને તરત જ પાટી ઊંધી વાળી દે. બાજુમાં બેઠેલા ઠોઠ નિશાળિયા હળવેથી ઝીણાભાઈને પૂછે, પણ ઝીણાભાઈ ચૂપચાપ બેસી રહે કાંઈ બોલે નહિ.

કોઈ વિદ્યાર્થી ઝીણાભાઈને મારવાનું કહે, તો ઝીણાભાઈ નીડરપણે કહી દે, 'તમે ગણોને ! મારૂ ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.' બીજા બાળકો ઝીણાભાઈની પાટીમાંથી જોઈ લે, ચોરી કરીને લખી લે, તે ઝીણાભાઈને ગમે નહિ, ઝીણાભાઈ તો કહે, ''ચોરી કરીને બીજાની પાટીમાંથી ન લખાય, બીજામાંથી ચોરી કરીએ તો ભગવાનને છેતર્યા કહેવાય.'' આમ, ઝીણાભાઈ બધાને ભણી-ગણીને હોંશિયાર થવા શીખવે, પણ ચોરી ન કરવા દે.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વડા અધિકારીને ઝીણાભાઈની વાત સાચી લાગી.

જ. ઝીણાભાઈના કપાળમાં તિલક-ચાંદલો, મોઢા પર નિર્દોષતા અને સચ્ચાઈ જોઈ વડા અધિકારીને ઝીણાભાઈની વાત સાચી લાગી. (૩/૪)

૨. યોગીજી મહારાજ ઘણીવાર વૃદ્ધ અને અંધ સાધુને સાથે લઈ ઝોળી માંગવા જતા. (૧૭/૨૪)

જ. કારણ કે ઘરડા સાધુની સેવા મળે, સાથે ફરવાથી એમના જ્ઞાન અને અનુભવનો લાભ મળે તે આપણું મોટું સદ્‌ભાગ્ય કહેવાય તેમ યોગીજી મહારાજ માનતા હતા. તેથી તેઓ ઘણીવાર વૃદ્ધ અને અંધ સાધુને સાથે લઈ ઝોળી માંગવા જતા. (૧૭/૨૫)

૩. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી' ના નામે ઓળખાતા થયા. (૩૩/૫૦)

જ. સંવત ૨૦૦૬માં અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે પોતાના સ્થાને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખપદે નિમણૂંક કરી ચાદર ઓઢાડી સૌ હરિભક્તોને તેમની આજ્ઞામાં રહેવાની આજ્ઞા કરી ત્યારથી 'પ્રમુખસ્વામી' ના નામે ઓળખાતા થયા.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, સોળમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૮)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધઃ-અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમની વાતો નીડરપણે કરતા. (૧૭/૩૯)

૨. અંબરીષ રાજા રાજ્યનું ઘણું કામ હોવા છતાં જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા હતા. (૫/૮)

૩. 'મારા સ્વામિનારાયણ જેવા કોઈ નહિ' તેવો દૃઢ નિશ્ચય હોવાથી વજીબાનું મન ડગ્યું નહિ. (૨૨/૪૯)

૪. શ્રીજીમહારાજ નાથ ભક્ત જેવા ભક્ત થવાનું સૌને કહેતા. (૨૦/૪૫)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફકત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૩ (૧/૧) **૨.** ૨, ૪ (૪/૭) **૩.** ૧, ૪ (૭/૧૧) **૪.** ૧, ૨ (૨૦/૪૫)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** સાડા ચાર હજાર (૧૧/૨૦)

**૨.** ગુણાતીતાનંદ સ્વામી, સહજાનંદ સ્વામી (૨/૩)

**૩.** રામાનંદ સ્વામી (૭/૧૨)

**૪.** સચ્ચિદાનંદ સ્વામી (૧૦/૧૯)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ! હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો ! દયા સિન્ધો ! સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ! ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥ (૫/૯)

૨. જેનું નામ રટ્યા થકી, મલિન સંકલ્પો સમૂળા ગયા, જેને શરણ થયા પછી, ભવતણા ફેરા વિરામી ગયા,
જેનું ગાન દશો દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી, એવા યજ્ઞપુરુષદાસ તમને, પાયે નમું પ્રીતથી. (૯/૧૭)

૩. જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કરચરણ, કરો ત્યારી...
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી,
જળે ભર્યા ચંબુ ચોખાળી..... જમો થાળ
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી, કાઢ્યો રસ કેરીનો ઘોળી ... (૧૨/૨૨)

૪. શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મઃ
જય જય બ્રહ્મ અને પરબ્રહ્મ ... જય જય ૦
મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ
જય જય ગુણાતીતાનંદ ... જય જય ૦ (૨૩/૫૦)

**પ્ર.૧૬** ''સ્વામિનારાયણ નામના મંત્ર જેવો'' (૧૬/૩૧) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો.**
**(પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ અને માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું''**

ભગવાનના નામના મંત્રમાં બહુ બળ છે. કાળા નાગનું ઝેર ચડે ને કાંઈ દવા ન કરે તો પણ ભગવાનના આ મંત્રથી ઝેર ઊતરી જાય. આ વાત આપણા ગુરુ યોગીજી મહારાજે સાબિત કરી બતાવી છે. ગોંડળમાં મંદિરનું કામ ચાલતું હતું. એક રાત્રે યોગીજી મહારાજને એક મોટો કાળો સર્પ તેમની આંગળીએ કરડ્યો. તેમને તો ખબર ન હતી. મંદિરમાં રહેતા ભક્તિવલ્લભ સ્વામીએ સાપ નીકળતો જોયો. તેમણે કહ્યું કે સ્વામીને તો આ ઝેરી સાપ જ કરડ્યો છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામીએ કહ્યું કે 'દેરીમાં સૌ ધૂન કરો.' તેથી સૌએ ધૂન શરૂ કરી. ગોંડળના મહારાજાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે પોતાના ડૉક્ટરને સ્વામીની દવા કરવા મોકલ્યા, પણ સ્વામીએ કહ્યું કે અમારે દવા નથી કરાવવી. સ્વામિનારાયણ નામના ધૂનથી જ ઝેર ઊતરી જશે. પછી બાર કલાકે ઝેર ઊતરી ગયું. પણ ઝેર બહુ આકરું હતું. તે ડાબા હાથની પહેલી આંગળીનું હાડકું વળી ગયું. સ્વામીની પહેલી આંગળી સહેજ વાંકી વળી ગઈ હતી. માટે આપણે પણ સ્વામિનારાયણ મંત્ર ખૂબ જપીશું.

**પ્ર.૧૭** ''શૂરવીર બાલભક્ત'' (૬/૧૦) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**
**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. સંતોના સંગથી ખેડૂતનો એક છોકરો ભજન, ભક્તિ અને પૂજા કરતો થયો.
૨. તેના બાપા સત્સંગી ન હોવાથી તેને ધમકાવે, મારે ને સત્સંગ છોડી દેવાનું કહે તો પણ છોકરો ડગે નહિ.
૩. એક દિવસ ગાડાના જોતરે છોકરાને બાંધી કંઠી મૂકી દેવાનું કહ્યું તો પણ છોકરાએ નામ ને કંઠી ન મૂક્યાં.
૪. બાપાએ ગાડું ઉલાળ્યું છોકરો મરી ગયો. મહારાજે છોકરાને સાચો ભક્ત અને તેના બાપને હિરણ્યકશિપુ જેવો કહ્યો.
૫. આપણે પણ ગમે તેવા દુઃખ આવે તો પણ ભગવાનની ભક્તિ અને કંઠી મૂકવી નહિ, સાચા ભક્ત થવું.

❑ ❑ ❑